Item No: 42.7

# આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ

જા.નં.આકૃયુ/રજી/સીસી.૨/લીગલ/૪૨૪/૧૬ તા.~~૨૨~~ ૨૩/૮/૧૬

નોંધઃ-

આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના એગ્રોનોમી ફાર્મ ખાતે ફરજ બજાવતા (૧) ડૉ. એમ.વી.પટેલ, પ્રાધ્યાપક અને વડા (૨) ડૉ.એ.સી.સાધુ, પ્રાધ્યાપક (૩) ડૉ.એમ.આર.પટેલ, સહપ્રાધ્યાપક (૪) શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ, ખેતી.મદદનીશની સામે ચાલતી ખાતાકીય તપાસના અંતે આક્ષેપિતો સામે નિર્ણય સારુ નિયામક મંડળની ૪૨મી બેઠક, તા.૧૪-૦૭-૧૬ના રોજ આણંદ ખાતે મળેલ અને તેમાં આ શાખાના મુદા.નં.૪૨.૭થી રજુ કરવામાં આવતાં નિયામક મંડળને ચારેય આક્ષેપિતોને દોષમુકત કરવાનું ઠરાવવામાં આવતાં આ અંગેના હુકમો (૧)નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૩૪૦-૪૪, તા. ૦૩-૦૮-૨૦૧૬ (૨)નં. આકૃયુ/રજી/ લીગલ/ સીસી.૨/૩૯૩-૯૭, તા.૧૯-૦૮-૨૦૧૬ (૩) નં.આકૃયુ/રજી/ લીગલ/ સીસી.૨/૩૯૮-૪૦૨, તા. ૧૯-૦૮-૨૦૧૬(૪) નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૪૦૩-૪૦૭, તા. ૧૯-૦૮-૨૦૧૬ થી આ કેસમાંથી દોષ મુકત જાહેર કરેલ છે. (નકલો સામેલ છે.)

કુલસચિવ

પ્રતિ,

મદદનીશ કુલસચિવ(એકેડેમીક)) શાખા તરફ જાણ સારુ

## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ

//ખાનગી//

વંચાણે લીધા- (૧) આરોપનામું નં આકૃયુ/ રજી/સીસી.૨/ ૩૭૦-૭૧, તા. ૧૬/૭/૨૦૧૫.

(૨) શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ, ખેતી મદદનીશ, નું તા.૭/૮/૨૦૧૫નુ બચાવનામું

(૩) અત્રેની કચેરીના કા.આ.નં.આકૃયુ/રજી/લીગલ/સી.સી.૨/૫૪૨-૫૦, તા.૧૦/૦૯/૨૦૧૫.

(૪) શ્રી જે. કે. દરજી, ખાતાકીય તપાસ અધિકારી, અમદાવાદનો તા.૨૪/૧૧/૨૦૧૫નો ખાતાકીય તપાસ અહેવાલ.

(૫) નિયામક મંડળની ૪૦મી બેઠકના મુદા.નં.૪૦.૧૫, તા.૨૫/૦૧/૨૦૧૬

(૬) નિયામક મંડળની ૪૨મી બેઠકના મુદા.નં.૪૨.૦૭, તા.૧૪/૦૭/૨૦૧૬

## કા ર્યા લ ય આ દે શ

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૧થી શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ, ખેતી મદદનીશ, આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી. આણંદ હસ્તકના એગ્રોનોમી વિભાગમાં વર્મી કમ્પોષ્ટ ખાતરનું વેચાણ કરતાં મળેલ આવકના રોકડ નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાના થતા હતા અને સદર નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવના કારણે આ રકમની ઉચાપત થયેલ હોવાનું જણાતાં આરોપનામું આપેલ તેમાં તેમની સામે ૧ થી ૩ આક્ષેપો મુકવામાં આવેલ હતાં જે અક્ષરશઃ નીચે મુજબ છે.

(૧) વર્મી કમ્પોસ્ટ ખાતરનું કેશમેમા નંબર ૮૪૭૯૪૯, તા. ૧૬/૬/૨૦૧૪ (બિડાણ-૧)રૂ.૧૦૦૦/- કેશમેમા નંબર ૮૪૭૯૫૩, તા. ૨/૮/૨૦૧૪ (બિડાણ-૨) રૂા. ૨૦૦૦/-, કેશમેમા નંબર ૮૪૭૯૫૬, તા. ૨૦/૮/૨૦૧૪ (બિડાણ-૩) રૂ. ૧૨૫૦/- અને કેશમેમા નંબર ૮૪૭૯૬૦, તા. ૨૪/૯/૨૦૧૪ રૂ.૬૨૫૦ આવેલ હતા તમોએ યુનિટની સ્ટોરની વેચાણની કામગીરી બજાવવાની હતી અને આવેલ નાણાં યુનિવર્સિટી ફંડમા તમારે જમા કરાવવાના હતા, પરંતુ તમારી ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવને કારણે રકમની ઉચાપત થયાનું જણાય છે. આ, તમારી ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી અને અનિયમિતતા સ્ટેચ્યુટ. નંબર એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૨) કેશમેમા નંબર ૮૪૭૯૫૮, તા. ૧૦/૯/૧૪ રૂ.૧૦૦૦/- (બિડાણ-૪), જે તમારા તા. ૫/૬/૧૫ (બિડાણ-૫)ના પત્ર અનુસાર નાણાં ભરવાનું પત્રક નંબર ૪૦૦૯૪, તા.૧૧/૯/૧૪ (બિડાણ-૬) અનુસાર તૈયાર કરેલ હતું અને તમારી જવાબદારી સદર નાણાં યુનિવર્સિટી ફંડમા જમા કરાવવાની હતી, પરંતુ તમે તેમ નહિ કરતાં આ રકમ યુનિ. ફંડમા જમા થયેલ નહિ હોવાનું અને ઉચાપત થયેલ હોવાનું જણાય છે. આમ, તમારી ફરજો બજાવવાની ગંભીર પ્રકારની બેકાળજી અને અનિયમિતતા સ્ટેચ્યુટ નંબર-૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૩) ઉપરોકત ઉચાપતની રકમ યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં, આ રકમ ઉપર કાયદેસર નિયમાનુસાર વ્યાજની રકમનું યુનિવર્સિટીને નુકશાન થઇ રહયાનું જણાય છે. આ, તમારી ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી અને અનિયમિતતાને કારણે સ્ટેચ્યુટ નંબર-૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે. જે બદલ તમો જવાબદાર છો.

(૪) ઉપરોકત આરોપ-૧ અને ૨ અનુસાર ક્ષેત્રવ્યવસ્થાપકની સહી લીધા બાદ નાણાં સ્વીકારના કર્મચારી સુધી પહોંચેલ નહિ અને તમારો તા. ૫/૬/૨૦૦૧૫( બિડાણ-૫), શ્રી પી.એન.નાથાણીનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૭), શ્રી કે.પી. પંડયાનો તા. ૫/૬/૨૦૧૫ (બિડાણ-૮) અને શ્રી એમ.બી. બિહોલાનો તા. ૮/૬/૨૦૧૫નો (બિડાણ-૯) પત્ર અનુસાર તમોએ આવી અગત્યની બાબતોમાં નિયમોનુસાર કાયમી મહેકમના જવાબદાર કર્મચારી પાસેથી શુધ્ધબુધ્ધિથી કામકાજ નકકી કરીને લેવાનું હતું, પરંતુ તમોએ તેમ નહિ કરેલ હોવાનું જણાય છે અને નાણાંનો સ્વીકાર તેમજ હિસાબ રાખવાની બાબતમાં જવાબદારી સંભાળતાએ કચેરીમાં સ્વીકારેલ બધા નાણાં સંવિધાનની કલમ ૧૫૦ અને ૨૮૩(૨) હેઠળ વિના વિલંબે હિસાબમાં લેવા તેમજ આવેલ સઘળા નાણાંકીય લેવડ દેવડના યોગ્ય હિસાબ તે માટે નિયત કરવામાં આવેલ ફોર્મમા/ રજીસ્ટરમાં સંપુર્ણ અને સાચા હોય, બરાબર ચોકકસાઇવાળા હોય તથા નિયત તારીખ સુધીમાં મોકલાય તેવી રીતે જણાયેલ નથી અને તેમ નહિ કરીને તમે ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી અને ગંભીરતા દાખવીને સ્ટેચ્યુટ. નંબર એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે. જે બદલ તમો જવાબદાર છો.

(૧) આરોપનામાં સામેના તેમના આંક.૦૮ના પાન નં.૭૮ ઉપરના બચાવનામાં રજુઆત કરી છે કે વર્મી કોમ્પોસ્ટ બ.સ. ૯૫૧૦-એ-૨૭ની કોઇપણ પ્રકારની કામગીરી અને રજીસ્ટરો તેમને સોપ્યા નથી કે સંભાળતા નથી. માત્ર વિભાગીય વડાની મૌખિક સુચનાથી તા.૧૧/૯/૨૦૧૪ના રોજ નાણાં ભરવાનું પત્રક ભરી આપેલ અને તે પછી આ નાણાં ભરવા સંબંધિત કર્મચારી જાય છે. યુનિવર્સિટીના સાક્ષી નં. ૧ તરફથી આંક-૨૩, પાન નં. ૧૧૧ની પુનઃ સરતપાસમાં પાન નં. ૧૧૨ થી ૧૧૮ ઉપર એગ્રોનોમી વિભાગનો સને ૨૦૧૪-૨૦૧૫નો અધિકારી / કર્મચારીના વ્યકિતગત જોબચાર્ટની માહિતી રજુ કરી છે જેમાં ક્રમ-૧૫ ઉપરના આ આક્ષેપીત નં.૪ની કામગીરી દર્શાવી છે. તેમાં ફાર્મને લગતી કામગીરીનો ઉલ્લેખ છે. પણ વર્મી કોમ્પોસ્ટ માટે કુશળ રોજમદાર રોકવામાં આવેલ હતા. વળી વિભાગીય વડાએ વર્મીકોમ્પોસ્ટની કામગીરી આક્ષેપીત નં.૪ને સોંપેલ છે તેવો આધાર કે કબુલાત નથી. આ આક્ષેપિતે માત્ર એક જ નાણાં ભરવાનું પત્રક વિભાગીય સુચનાથી ભરી આપેલ છે.

આમ આક્ષેપિત-૪ શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ ઉપર મુકવામાં આવેલ આક્ષેપો જોતા ફરજોમાં બેદરકારી કે અનિયમિતતા કરી છે તેવું પ્રસ્થાપિત થતું નથી. જેથી આક્ષેપિત નં.૪ ઉપર મુકવામાં આવેલ ચાર આરોપો પુરવાર થતાં નથી.

(૨) ઉપરોકત હકીકતે આક્ષેપિત શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ ઉપર મુકવામાં આવેલા કહેવાતા આક્ષેપો નિઃશંક નાસાબિત થાય છે.

આમ, શ્રી બ્રહ્મભટ્ટ સામે ચાલતી તપાસમાં મુકવામાં આવેલ આક્ષેપો ખાતાકીય તપાસમાં નિઃશંક નાસાબિત થતાં હોવાથી સંદર્ભ-૬થી ઠરાવ્યા અનુસાર તેઓને ખાતાકીય તપાસમાંથી દોષમુકત કરવાના આથી હુકમો કરવામાં આવે છે. ભવિષ્યમાં આ પ્રકારની બાબતોમાં તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.

(એમ.એન.બ્રહ્મભટ્ટ )
કુલસચિવ

જા.નં આકૃયુ/રજી/લીગલ/સીસી.ર/૩૪૦-૪૪/૧૬
તારીખઃ ૩ /૦૮/૨૦૧૬
નકલ રવાના:-

૧. શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ, ખેતીમદદનીશ, એગ્રોનોમી વિભાગ, આચાર્યશ્રી,બ.અં કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.(મારફત કચેરી)
૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૩. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ
૪. આ કચેરીની એડી.એમ..ર શાખા તરફ / હુકમ ફાઇલ

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

//ખાનગી//

વંચાણે લીધા- (૧) આરોપનામું નં આકૃયુ/ રજી/સીસી.૨/ ૩૬૬-૬૭, તા. ૧૬/૭/૨૦૧૫.

(૨) ડૉ.એમ.આર.પટેલ, સહ પ્રાધ્યાપક નું તા.૭/૮/૨૦૧૫નુ બચાવનામું

(૩) અત્રેની કચેરીના કા.આ.નં.આકૃયુ/રજી/લીગલ/સી.સી.૨/૫૪૨-૫૦, તા.૧૦/૦૯/૨૦૧૫.

(૪) શ્રી જે. કે. દરજી, ખાતાકીય તપાસ અધિકારી, અમદાવાદનો તા.૨૪/૧૧/૨૦૧૫નો ખાતાકીય તપાસ અહેવાલ.

(૫) નિયામક મંડળની ૪૦મી બેઠકના મુદા.નં.૪૦.૧૫, તા.૨૫/૦૧/૨૦૧૬

(૬) નિયામક મંડળની ૪૨મી બેઠકના મુદા.નં.૪૨.૦૭, તા.૧૪/૦૭/૨૦૧૬

## કા ર્યા લ ય આ દે શ

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૧થી ડૉ.એમ.આર.પટેલ, સહ પ્રાધ્યાપક, આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી. આણંદ હસ્તકના એગ્રોનોમી વિભાગમાં વર્મી કમ્પોષ્ટ ખાતરનું વેચાણ કરતાં મળેલ આવકના રોકડ નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાના થતા હતા અને સદર નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવના કારણે આ રકમની ઉચાપત થયેલ હોવાનું જણાતાં આરોપનામું આપેલ તેમાં તેમની સામે ૧ થી ૩ આક્ષેપો મુકવામાં આવેલ હતાં જે અક્ષરશઃ નીચે મુજબ છે.

(૧) એગ્રોનોમી વિભાગના સહ પ્રાધ્યાપક તરીકેની તમારી ફરજ દરમ્યાન કેશમેમા નંબર ૮૪૭૯૯૦, તા. ૨૪/૯/૨૦૧૪ (બિડાણ-૧) અને નાણાં ભરવાના પત્રક નંબર ૪૦૦૯૮, તા. ૨૯/૯/૧૪ (બિડાણ-૨) રૂા. ૬૨૫૦/- થી તા. ૫/૬/૧૫ના પત્ર અનુસાર (બિડાણ)-૩) નાણાં જમા નહિ થતા ઉચાપત થયેલ હોવાનું જણાય છે અને તમારી ફરજો બજાવવામાં દાખવેલ બેકાળજી અને અનિયમિતતા સ્ટેચ્યુટ. નંબર એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૨) ઉપરોકત આરોપ-૧ અનુસાર શ્રી જી.બી. બ્રહ્મભટ્ટનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૪) શ્રી પી.એમ. નાથાણી, મદદનીશ વહીવટી અધિકારીનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૫), શ્રી

કે.પી. પંડયાનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૬) અને શ્રી એમ.બી. બિહોલાનો તા. ૮/૬/૧૫ (બિડાણ-૭)નો પત્ર મુજબ યુનિવર્સિટીને રૂા. ૬૨૫૦/-નું નુકશાન તમારી કાર્ય કે બેદરકારીથી થયાનું જણાય છે અને આવી અગત્યની કામગીરી કાયમી મહેકમના કર્મચારી પાસેથી નાણાંનો સ્વીકાર તેમજ હિસાબ રાખવાની બાબતોમાં શુધ્ધબુધ્ધિથી નકકી કરી લેવાનું હતું, પરંતુ તેમ નહિ થયેલ હોવાનું જણાય છે. અને તેથી સ્ટેચ્યુટ નંબર-૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૩) ઉપરોકત ઉચાપતની રકમ રૂા.૬૨૫૦/- યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં તે રકમ ઉપર કાયદેસરની વ્યાજની રકમનું યુનિવર્સિટીને નુકશાન થયેલ હોવાનું જણાય છે. અને તમારી ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી તેમજ અનિયમિતતાને કારણે સ્ટેચ્યુટ નંબર-એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ભંગ કર્યો હોવાનું જણાય છે.

વંચાણે લીધેલ સંદર્ભ-૨થી સદર આરોપનામાનું બચાવનામું મળેલ હતું. આમ, રજૂ કરેલ બચાવનામું પ્રથમ દર્શીય રીતે સંતોષકારક જણાતું નહોતું તેથી માન્ય રાખી શકાય તેમ ન હોવાથી સ્ટેચ્યુટ નં.૧૧૮, ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ (શિસ્ત અને અપીલ) નિયમો-૨૦૧૧ના નિયમ ૨૦.૫(એ) અનુસાર તેમની સામે ખાતાકીય તપાસ કરવા માટે વંચાણે લીધેલ સંદર્ભ-૩ ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી જે.કે. દરજી, કન્સલટન્ટ, ગુજરાત વિધાપીઠ, અમદાવાદની નિમણુંક કરેલ હતી. ખાતાકીય તપાસ અધિકારીશ્રી તરફથી વંચાણે લીધેલ-૪થી તપાસ અહેવાલ મળેલ છે. જેમાં તપાસ અધિકારી તરફથી ડાં. પટેલ સામે આક્ષેપોની બાબતમાં નીચે મુજબનું તારણ મળેલ છે.

(૧) કેશમેમા નંબર ૮૪૭૯૬૦, તા.૨૬/૯/૨૦૧૪, રૂા.૬૨૫૦/-શ્રી પ્રકાશભાઇ સોલંકીએ બનાવેલ અને તે નાણાં ભરવાના પત્રક પ્રકાશભાઇ સોલંકીએ ભરેલ તેમાં આક્ષેપિત-૩એ ડાં.એમ.આર.પટેલે સહીઓ કરેલ હતી. સીનીયર પ્રાધ્યાપકની ગેરહાજરીમાં નાણાં ભરવાના પત્રકમાં સહિ-સિકકા કરેલ છે. આ નાણાં શ્રી રમેશભાઇ ચૌહાણ, પટાવાળા જમા કરાવવા ગયેલ હતાં તેમ તેઓશ્રીએ સાક્ષી તરીકે કબુલ્યુ હતું. આ નાણાં ભરવાના પત્રકોમાં કેશીયરની સહીઓ છે, અને તેની ખાતરી આક્ષેપિત-૩એ કરેલ હતી. કચેરીની નકલમાં સહી સિકકા હોવાથી નાણાં ભરાઇ ગયા છે તેવું માનવાને કારણ રહે છે.

આમ આક્ષેપિત-૩ ડાં.એમ.આર.પટેલ, ઉપર મુકવામાં આવેલ આક્ષેપો જોતા ફરજોમાં બેદરકારી કે અનિયમિતતા કરી છે તેવું પ્રસ્થાપિત થતું નથી. જેથી આક્ષેપિત નં.૩ ઉપર મુકવામાં આવેલ ત્રણ આરોપો પુરવાર થતાં નથી.

(૨) ઉપરોકત હકીકતે આક્ષેપિત ડૉ.એમ.આર.પટેલ ઉપર મુકવામાં આવેલા કહેવાતા આક્ષેપો નિઃશંક નાસાબિત થાય છે.

આમ, ડૉ. પટેલ સામે ચાલતી તપાસમાં મુકવામાં આવેલ આક્ષેપો ખાતાકીય તપાસમાં નિઃશંક નાસાબિત થતાં હોવાથી સંદર્ભ-૬થી ઠરાવ્યા અનુસાર તેઓને ખાતાકીય તપાસમાંથી દોષમુકત કરવાના આથી હુકમો કરવામાં આવે છે. ભવિષ્યમાં આ પ્રકારની બાબતોમાં તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.

(એન.સી.પટેલ)
કુલપતિ

જા.નં આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૩૯૮-૪૦૨/૧૬
તારીખઃ ૧૯/૦૮/૨૦૧૬

નકલ રવાનાઃ-

૧. ડૉ. એમ.આર.પટેલ,સહપ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, આચાર્યશ્રી,બ.અં કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.(મારફત કચેરી)

૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૩. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ

૪. આ કચેરીની એડી.એમ..૧ શાખા તરફ / હુકમ ફાઇલ

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

//ખાનગી//

વંચાણે લીધા- (૧) આરોપનામું નં આકૃયુ/ રજી/સીસી.૨/ ૩૭૨-૭૩, તા. ૧૬/૭/૨૦૧૫.

(૨) ડૉ.એમ.વી.પટેલ, પ્રાધ્યાપક અને વડાનું તા.૭/૮/૨૦૧૫નુ બચાવનામું

(૩) અત્રેની કચેરીના કા.આ.નં.આકૃયુ/રજી/લીગલ/સી.સી.૨/૫૪૨-૫૦, તા.૧૦/૦૯/૨૦૧૫.

(૪) શ્રી જે. કે. દરજી, ખાતાકીય તપાસ અધિકારી, અમદાવાદનો તા.૨૪/૧૧/૨૦૧૫નો ખાતાકીય તપાસ અહેવાલ.

(૫) નિયામક મંડળની ૪૦મી બેઠકના મુદા.નં.૪૦.૧૫, તા.૨૫/૦૧/૨૦૧૬

(૬) નિયામક મંડળની ૪૨મી બેઠકના મુદા.નં.૪૨.૦૭, તા.૧૪/૦૭/૨૦૧૬

## કા ર્યા લ ય આ દે શ

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૧થી ડૉ.એમ.વી.પટેલ, પ્રાધ્યાપક અને વડા આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી. આણંદ હસ્તકના એગ્રોનોમી વિભાગમાં વર્મી કમ્પોષ્ટ ખાતરનું વેચાણ કરતાં મળેલ આવકના રોકડ નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાના થતા હતા અને સદર નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવના કારણે આ રકમની ઉચાપત થયેલ હોવાનું જણાતાં આરોપનામું આપેલ તેમાં તેમની સામે ૧ થી ૩ આક્ષેપો મુકવામાં આવેલ હતાં જે અક્ષરશઃ નીચે મુજબ છે.

(૧) એગ્રોનોમી વિભાગના વડા તરીકેની તમારી ફરજ દરમ્યાન કેશમેમા નંબર ૮૪૭૯૫૩, તા. ૦૨/૮/૨૦૧૪ (બિડાણ-૧) અને નાણાં ભરવાના પત્રક નંબર ૪૦૦૮૮, તા.૦૨/૮/૧૪ (બિડાણ-૨) રૂા. ૨૦૦૦/- તેમજ કેશમેમા નં.૮૪૭૯૫૬, તા. ૨૦/૮/૧૪ (બિડાણ-૩) અને નાણાં ભરવાનું પત્રક નંબર ૪૦૦૯૨, તા.૩૦/૮/૧૪ (બિડાણ-૪), રૂા. ૧૨૫૦/- મળી રૂપિયા ૩૨૫૦/-થી તા. ૫/૬/૧૫ના પત્ર અનુસાર (બિડાણ)-૫) નાણાં જમા નહિ થતા ઉચાપત થયેલ હોવાનું જણાય છે અને તમારી ફરજો બજાવવામાં દાખવેલ બેકાળજી અને અનિયમિતતા સ્ટેચ્યુટ. નંબર એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૨) ઉપરોકત આરોપ-૧ અનુસાર શ્રી જી.બી. બ્રહમભટ્ટનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૬) શ્રી પી.એમ. નાથાણી, મદદનીશ વહીવટી અધિકારીનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૭),

શ્રી કે.પી. પંડયાનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૮) અને શ્રી એમ.બી. બિહોલાનો તા. ૮/૬/૧૫ (બિડાણ-૯)નો પત્ર મુજબ યુનિવર્સિટીને રૂા. ૩.૨૫૦/-નું નુકશાન તમારી કાર્ય કે બેદરકારીથી થયાનું જણાય છે અને આવી અગત્યની કામગીરી કાયમી મહેકમના કર્મચારી પાસેથી નાણાંનો સ્વીકાર તેમજ હિસાબ રાખવાની બાબતોમાં શુધ્ધબુધ્ધિથી નકકી કરી લેવાનું હતું, પરંતુ તેમ નહિ થયેલ હોવાનું જણાય છે. અને તેથી સ્ટેચ્યુટ નંબર-૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૩) ઉપરોકત ઉચાપતની રકમ રૂા.૩૨૫૦/- યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં તે રકમ ઉપર કાયદેસરની વ્યાજની રકમનું યુનિવર્સિટીને નુકશાન થયેલ હોવાનું જણાય છે. અને તમારી ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી તેમજ અનિયમિતતાને કારણે સ્ટેચ્યુટ નંબર-એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ભંગ કર્યો હોવાનું જણાય છે.

વંચાણે લીધેલ સંદર્ભ-રથી સદર આરોપનામાનું બચાવનામું મળેલ હતું. આમ, રજૂ કરેલ બચાવનામું પ્રથમ દર્શીય રીતે સંતોષકારક જણાતું નહોતું તેથી માન્ય રાખી શકાય તેમ ન હોવાથી સ્ટેચ્યુટ નં.૧૧૮, ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ (શિસ્ત અને અપીલ) નિયમો-૨૦૧૧ના નિયમ ૨૦.૫(એ) અનુસાર તેમની સામે ખાતાકીય તપાસ કરવા માટે વંચાણે લીધેલ સંદર્ભ-૩ ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી જે.કે. દરજી, કન્સલટન્ટ, ગુજરાત વિધાપીઠ, અમદાવાદની નિમણુંક કરેલ હતી. ખાતાકીય તપાસ અધિકારીશ્રી તરફથી વંચાણે લીધેલ-૪થી તપાસ અહેવાલ મળેલ છે. જેમાં તપાસ અધિકારી તરફથી ડૉ. પટેલ સામે આક્ષેપોની બાબતમાં નીચે મુજબનું તારણ મળેલ છે.

(૧) યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ આરોપનામાના આરોપનામાં સાથેના સંલગ્ન વિવરણપત્રક મુજબ રજુ થયેલ નિવેદનો, સરતપાસ, ઉલટ તપાસ અને દસ્તાવેજી પુરાવાથી આક્ષેપિતે તેમની ફરજોમાં નિષ્ઠા બતાવી નથી કે ફરજોમાં બેદરકારી/બેકાળજી રાખી છે તેમજ અનિયમિતતા છે તેવું પ્રસ્થાપિત થતું નથી. પત્રક નં. ૮૪૭૯૫૩ અને ૪૦૦૮૮માં તેમના કુશળ રોજમદારે રૂબરૂમાં તૈયાર કરતાં તેમણે સહિ સિકકા કરીને નાણાં હિસાબી વિભાગમાં જમા કરાવવા પટાવાળા સાથે મોકલી આપેલ છે. વળી બંન્ને પત્રકોમાં હિસાબી વિભાગના જવાબદારોના સહિ સિકકા ઓફીસ કોપીમાં જોઇને ખાત્રી કરેલ છે કે નાણાં જમા થઇ ગયા છે. તેથી આક્ષેપ નં.૧ પુરવાર થતો નથી.

(૨) બીજુ, આ પ્રોજેકટમાં મહેકમ ફાળવેલ ના હોવાથી તેમજ આ કામગીરી કુશળ કામદાર પાસેથી જમા કરાવાતા હોવાથી કાયમી મહેકમના જવાબદાર કર્મચારી પાસેથી કામ લેવાનો

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વર્મી કોમ્પોસ્ટ ખાતરના જે કેશમેમો આપવામાં આવે છે તેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે. જેથી ફરજમાં બેદરકારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વળી કયા રજીસ્ટર / ફોર્મ યુનિ.એ આવક માટે નકકી કર્યા છે તે આ તપાસમાં રજુ થયા નથી. તેથી આ એક મોભમ આક્ષેપ છે અને તેથી આક્ષેપ-૨ પુરવાર થતો નથી.

(૩) ત્રીજુ, નાણાં જમા કરાવવાની સઘળી કાર્યવાહી કચેરી વડા તરીકે કરી હોય અને નાણાં જમા થયાના આધારો પ્રાપ્ત થયેલ હોય આક્ષેપિત-૧ને જવાબદાર ઠેરવી શકાય નહી. નાણાં જમા કરાવવા જનાર અથવા સ્વીકારનારમાંથી એક અથવા બંને મેળાપીપણાંમાં આવા નાણાં મળ્યાનું તરકટ કર્યું હોયતો, કચેરીના વડા જવાબદાર ઠરતા નથી. તેમજ આક્ષેપિતે આચાર્યશ્રીની સુચનાનું પાલન કરીને પોતે પોતાના નાણાં જુન-૨૦૧૫માં વાંધા સાથે યુનિ.માં જમા કરાવ્યા છે. તેથી વ્યાજનું નુકશાન આક્ષેપિત.૧નુ થઇ રહયુ છે. જેથી આક્ષેપ-૩ પુરવાર થતો નથી.

(૩) ઉપરોકત હકીકતે આક્ષેપિત ડૉ.એમ.વી.પટેલ ઉપર મુકવામાં આવેલા કહેવાતા આક્ષેપો નિઃશંક નાસાબિત થાય છે.

આમ, ડૉ. પટેલ સામે ચાલતી તપાસમાં મુકવામાં આવેલ આક્ષેપો ખાતાકીય તપાસમાં નિઃશંક નાસાબિત થતાં હોવાથી સંદર્ભ-૬થી ઠરાવ્યા અનુસાર તેઓને ખાતાકીય તપાસમાંથી દોષમુકત કરવાના આથી હુકમો કરવામાં આવે છે. ભવિષ્યમાં આ પ્રકારની બાબતોમાં તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.

(સહી)
(એન.સી.પટેલ)
કુલપતિ

જા.નં આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૪૦૩-૪૦૭/૧૬
તારીખઃ ૨૯/૦૮/૨૦૧૬
નકલ રવાનાઃ-

૧. ડૉ. એમ.વી. પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, આચાર્યશ્રી,બ.અં કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.(મારફત કચેરી)

૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૩. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ

૪. આ કચેરીની એડી.એમ..૧ શાખા તરફ / હુકમ ફાઇલ

## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ

//ખાનગી//

વંચાણે લીધા- (૧) આરોપનામું નં આકૃયુ/ રજી/સીસી.૨/ ૩૬૮-૬૯, તા. ૧૬/૭/૨૦૧૫.

(૨) ડૉ.એ.સી.સાધુ, પ્રાધ્યાપક નું તા.૭/૮/૨૦૧૫નુ બચાવનામું

(૩) અત્રેની કચેરીના કા.આ.નં.આકૃયુ/રજી/લીગલ/સી.સી.૨/૫૪૨-૫૦, તા.૧૦/૦૯/૨૦૧૫.

(૪) શ્રી જે. કે. દરજી, ખાતાકીય તપાસ અધિકારી, અમદાવાદનો તા.૨૪/૧૧/૨૦૧૫નો ખાતાકીય તપાસ અહેવાલ.

(૫) નિયામક મંડળની ૪૦મી બેઠકના મુદા.નં.૪૦.૧૫, તા.૨૫/૦૧/૨૦૧૬

(૬) નિયામક મંડળની ૪૨મી બેઠકના મુદા.નં.૪૨.૦૭, તા.૧૪/૦૭/૨૦૧૬

## <u>કા ર્યા લ ય આ દે શ</u>

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૧થી ડૉ.એ.સી.સાધુ, પ્રાધ્યાપક, આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી. આણંદ હસ્તકના એગ્રોનોમી વિભાગમાં વર્મી કમ્પોષ્ટ ખાતરનું વેચાણ કરતાં મળેલ આવકના રોકડ નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાના થતા હતા અને સદર નાણાં યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં ફરજ પ્રત્યેની નિષ્ઠામાં અભાવના કારણે આ રકમની ઉચાપત થયેલ હોવાનું જણાતાં આરોપનામું આપેલ તેમાં તેમની સામે ૧ થી ૩ આક્ષેપો મુકવામાં આવેલ હતાં જે અક્ષરશઃ નીચે મુજબ છે.

(૧) એગ્રોનોમી વિભાગના પ્રાધ્યાપક તરીકેની તમારી ફરજ દરમ્યાન કેશમેમા નંબર ૮૪૭૯૪૯, તા. ૧૬/૬/૨૦૧૪ (બિડાણ-૧) અને નાણાં ભરવાના પત્રક નંબર ૪૦૦૮૫, તા. ૧૭/૬/૧૪ (બિડાણ-૨) રૂા. ૧૦૦૦/- તેમજ કેશમેમા નં.૮૪૭૯૫૮, તા. ૧૦/૯/૧૪ (બિડાણ-૩) અને નાણાં ભરવાનું પત્રક નંબર ૪૦૦૯૪, તા. ૧૧/૯/૧૪ (બિડાણ-૪), રૂા. ૧૦૦૦/- મળી રૂપિયા ૨૦૦૦/-થી તા.૫/૬/૧૫ના પત્ર અનુસાર (બિડાણ)-૫) નાણાં જમા નહિ થતા ઉચાપત થયેલ હોવાનું જણાય છે અને તમારી ફરજો બજાવવામાં દાખવેલ બેકાળજી અને અનિયમિતતા સ્ટેચ્યુટ. નંબર એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૨) ઉપરોકત આરોપ-૧ અનુસાર શ્રી જી.બી. બ્રહમભટ્ટ નો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૬), શ્રી પી.એમ. નાથાણી, મદદનીશ વહીવટી અધિકારીનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૭), શ્રી કે.પી. પંડયાનો તા.૫/૬/૨૦૧૫ (બિડાણ-૮) અને શ્રી એમ.બી. બિહોલાનો તા. ૮/૬/૧૫ (બિડાણ-૯)નો પત્ર મુજબ યુનિવર્સિટીને રૂા. ૨૦૦૦/-નું નુકશાન તમારી કાર્ય કે બેદરકારીથી થયાનું જણાય છે અને આવી અગત્યની કામગીરી કાયમી મહેકમના કર્મચારી પાસેથી નાણાંનો સ્વીકાર તેમજ હિસાબ રાખવાની બાબતોમાં શુધ્ધબુધ્ધિથી નકકી કરી લેવાનું હતું, પરંતુ તેમ નહિ થયેલ હોવાનું જણાય છે. અને તેથી સ્ટેચ્યુટ નંબર-૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવનો ભંગ કર્યો હોવાનું જણાય છે.

(૩) ઉપરોકત ઉચાપતની રકમ રૂા.૨૦૦૦/- યુનિવર્સિટી ફંડમાં જમા નહિ થતાં તે રકમ ઉપર કાયદેસરની વ્યાજની રકમનું યુનિવર્સિટીને નુકશાન થયેલ હોવાનું જણાય છે. અને તમારી ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની બેકાળજી તેમજ અનિયમિતતાને કારણે સ્ટેચ્યુટ નંબર-એસ.૧૧૭ ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ(વર્તણુંક) નિયમો-૨૦૧૧ના નિયમ. ૫.૧નો ભંગ કર્યો હોવાનું જણાય છે.

વંચાણે લીધેલ સંદર્ભ-૨થી સદર આરોપનામાનું બચાવનામું મળેલ હતું. આમ, રજૂ કરેલ બચાવનામું પ્રથમ દર્શીય રીતે સંતોષકારક જણાતું નહોતું તેથી માન્ય રાખી શકાય તેમ ન હોવાથી સ્ટેચ્યુટ નં.૧૧૮, ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ (શિસ્ત અને અપીલ) નિયમો-૨૦૧૧ના નિયમ ૨૦.૫(એ) અનુસાર તેમની સામે ખાતાકીય તપાસ કરવા માટે વંચાણે લીધેલ સંદર્ભ-૩ ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી જે.કે. દરજી, કન્સલટન્ટ, ગુજરાત વિધાપીઠ, અમદાવાદની નિમણુંક કરેલ હતી. ખાતાકીય તપાસ અધિકારીશ્રી તરફથી વંચાણે લીધેલ-૪થી તપાસ અહેવાલ મળેલ છે. જેમાં તપાસ અધિકારી તરફથી ડાં. પટેલ સામે આક્ષેપોની બાબતમાં નીચે મુજબનું તારણ મળેલ છે.

(૧) કેશમેમા નંબર ૮૪૭૯૪૯, તા.૧૬/૬/૨૦૧૪, રૂા.૧૦૦૦/-શ્રી પ્રકાશભાઇ સોલંકીએ બનાવેલ જયારે કેશમમો નંબર૮૪૭૯૫૮ તા.૧૦/૯/૨૦૧૪, રૂા.૧૦૦૦/- શ્રી જી.બી. બ્રહમભટે બનાવેલ છે બંને નાણાં ભરવાના પત્રકો અનુક્રમે પ્રકાશભાઇ સોલંકીએ અને શ્રી જી.બી. બ્રહમભટ્ટે, ખેતી.મદદનીશે તૈયાર કરેલ હતાં તેમાં આક્ષેપિત ડાં.એ.સી. સાધુ, કચેરીના વડાની ગેરહાજરીમાં બે નાણાં ભરવાના પત્રકમાં સહિ-સિકકા કરેલ છે. આ નાણાં ભરવાના પત્રકોમાં કેશીયરની સહીઓ છે પરંતુ બંને પત્રકોમાં કેશીયરની સહીઓ અલગ અલગ છે. બંને પત્રકોના નાણાં જે તે કોન્સોલીડેટડ આવકના રજીસ્ટ્રરના અનુક્રમે પાન.નં. ૫ અને ૨૦ ઉપર જમા લીધાની નોંધ પણ હિસાબી વિભાગે કરેલ છે. રૂા.૨૦૦૦/-જમા થઇ

ગયા છે તેવું જણાય છે. પણ ખરેખર તે જમા થયેલ ન હતા. આ વિભાગની પ્રથા અને પ્રણાલીકા મુજબ કુશળ રોજમદાર પ્રકાશભાઇ સોલંકીએ નાણાં ભરવાનું પત્રક તૈયાર કરેલ અને નાણાં જમા કરાવવા મોકલ્યા હતા. શ્રી જી.બી. બ્રહ્મભટ્ટ, ખેતી.મદદનીશે પણ પત્રક તૈયાર કરેલ અને નાણાં ભરવા મોકલેલ અને કચેરીની નકલમાં સહી સિકકા હોવાથી નાણાં ભરાઇ ગયા છે તેવું માનવાને કારણ રહે છે.

આમ આક્ષેપિત-૨ ઉપર મુકવામાં આવેલ આક્ષેપો જોતા ફરજોમાં બેદરકારી કે અનિયમિતતા કરી છે તેવું પ્રસ્થાપિત થતું નથી. જેથી આક્ષેપિત નં.૨ ઉપર મુકવામાં આવેલ ત્રણ આરોપો પુરવાર થતાં નથી.

(૨) ઉપરોકત હકીકતે આક્ષેપિત ડાં.એ.સી.સાધુ ઉપર મુકવામાં આવેલા કહેવાતા આક્ષેપો નિઃશંક નાસાબિત થાય છે.

આમ, ડાં. સાધુ સામે ચાલતી તપાસમાં મુકવામાં આવેલ આક્ષેપો ખાતાકીય તપાસમાં નિઃશંક નાસાબિત થતાં હોવાથી સંદર્ભ-૬થી ઠરાવ્યા અનુસાર તેઓને ખાતાકીય તપાસમાંથી દોષમુકત કરવાના આથી હુકમો કરવામાં આવે છે. ભવિષ્યમાં આ પ્રકારની બાબતોમાં તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.

(સહી)
(એન.સી.પટેલ)
કુલપતિ

જા.નં આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૩૯૩-૯૭/૧૬
તારીખઃ ૧૯/૦૮/૨૦૧૬
નકલ રવાનાઃ-

૧. ડાં. એ.સી. સાધુ, પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, આચાર્યશ્રી,બ.અં કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.(મારફત કચેરી)
૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૩. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ
૪. આ કચેરીની એડી.એમ..૧ શાખા તરફ / હુકમ ફાઇલ